એક પંથ દો કાજ

श्री.

अंबिका स्तवन.

(પ્રથમ દર્શન)

કર્તા.

તલાટી. હરીકીસનદાસ લલ્લુભાઈ.

&

M. H. " KASERWALA "

editor-" Tarang Tasir "

Nadiad

છંદ ભુજંગી.

નમસ્તે, નમસ્તે, દયાળી. મયાળી
નમસ્તે. નમસ્તે, ગુણાળી. સુખાળી.
નમસ્તે નમસ્તે, શમારી. જયાળી.
દયાળી, વિડારી વિપત્ દુખ ખાળી.

આવૃત્તિ પહેલી નડીયાદ. નકલ ૧૦૦૦.

સંવત ૧૯૫૭ ભાદરવા સને ૧૯૦૧ સપટેમ્બર.
કિંમત ૨ આના.

અમદાવાદ ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

એક પંથ દો કાજ

શ્રી.

अंबिका स्तवन.

(પ્રથમ દર્શન)

કર્ત્તા.

તલાટી. હરીકીસનદાસ લલ્લુભાઇ.

&

M. H. " KASERWALA "

editor-" Tarang Tasir "

Nadiad.

છંદ ભુજંગી.

નમસ્તે, નમસ્તે, દયાળી. મયાળી.
નમસ્તે, નમસ્તે, ગુણાળી. સુખાળી.
નમસ્તે, નમસ્તે, શુંભારી. જયાળી.
કૃપાળી, વિડારી દિયો દુખ બાળી.

આવૃત્તિ પહેલી   નડીયાદ.   નકલ ૧૦૦૦.

સંવત ૧૯૫૭ ભાદ્રપદ. સને ૧૯૦૧ ઓકટોમ્બર.

કિમંત ૨ આના.

અમદાવાદ ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

પુસ્તકતો છુટ-કે તમામ નહિ ધર્માદા.

બીજો ભાગ થોડા વખતમાં બહાર પડશે.

પ્રસ્તાવના.

અંબિકા સ્તવન જેનો ઉપજેલો તમામ નફો આરાસુરી માને જ વાપરવાનો છે. કર્તા તેમજ છપાવનારાએ પોતાનો સ્વાર્થ બીલકુલ સાધેલ નથી. માટે આસા છે કે દેવી ઉપાસકો આ (ધર્માદાના) કાર્યને (આશ્રય આપી) ઉત્તેજન દેશે.

પ્રેસની અગવડતાને લીધે હ્રસ્વ દીર્ઘ (માત્રા)નું બરાબર પરિણામ રહેલ નથી. આશા છે કે ગુણ ગ્રાહી સજ્જનો દોષ ન જોતાં ફક્ત સારજ ગ્રહણ કરશે.

બીજો ભાગ થોડા રોજમાં છપાવી પ્રગટ કરવામાં આવશે.

મી. કાસરવાળાનો તેમજ " ધી ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસના મેનેજર મી. સોમાભાઇ કે જેમણે આ બુક સસ્તી કીંમતે અને જલદીથી છાપી આપવા માટે વચન આપેલ છે તેઓ સાહેબને અમે આભાર સાથે ધન્યવાદ દઇએ છીએ.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર તેમજ પુસ્તકમાં પોતાની જાહેરખબર છપાવનાર તેમજ પરીખ. કુબેરદાસ જીવણદાસ જેમણે બુકનું અર્ધું છપામણી ખર્ચ આપવા કબુલ કરેલ છે. તેઓના અમે ઘણાજ આભારી છીએ.

સ્થળ સંકોચને લીધે આશ્રય દાતાઓનાં નામ બહાર પાડેલ નથી તે યોગ્ય વખતે બહાર પાડવામાં આવશે.

ધર્માદામાં પૈસા જવાથી પુસ્તકની કીંમત વધુ એટલે ૨ આના રાખેલી છે.

લી. સેવક.

હરીકસનદાસ લલ્લુભાઇ તલાટી.

શ્રીયુત.

નેક નામદાર સુજ્ઞ મહાશય
દિગ્વીજયી મહારાજાશ્રી.
ઉભય,
શ્રી દાંતા—અને કુંબા રાજ્યાધિપતિ,

(ઇશ્વર્યો પાસના—સવૈયા છંદ)

શ્રી શક્તિ દે શાન્તિ સર્વદા, શ્રીયુત સિંહસ્વરૂપ સમજાય;
યશને વશ થઇ વેરિ ડરાવે, મુળ મહા દુષ્ટોનું જાય,
શાક ટાળી શાક નવો નિપાવે, લખે ગુણીજન ગુંથીગ્રંથ;
વંદિત વીશ્વ તણો વીરો થઇ, સાખે પુન્ય તણો પટ પંથ,
તપેશ્વરી જયમ તપે તપારે, છુટે નહી જાતાં આ જાન;
સિંચે જ્ઞાન ઘટે પય દીક્ષા, જીતે ઇંદ્રિ બને નીઃમાન,
હરેક વાતે હક જાણી તે, સાફ મુકે નહી મનથી ટેક;
જીત મેળવે જીવે મુવે એ, હેબક ખાય હરામી લોક,
સારંગ ગ્રાહી સ્વયંભુશ્રી, બળવંતી એ વીર બનાવ;
હેતે હંસવાહિની હંસા મનથી ભાવ કરીને આવ,
બહુચળબાળી દક્ષપણું દે, હા હીંમત તેથી આવેજ,
મધુકર વૃત્તિ થકી મહારાણા રાખે ક્ષત્રી તણું તે તેજ;
હાક વગાડે થર થર કંપે, ના લાયક લોકોનાં નામ,
રાખી શકે ના રજ કંઇ છાનું, મુદ્દલ મૂકે મનથી મામ;
લાયક થઇ નર લોક તણા કંઇ, કાળ લગી કરવા દે રાજ,
શ્રી અંબે કર લંબે વીનવું, મુન માન્યું દે હું સુખસાજ

કાંમોદરી દુઃખ કાપો પાળે, કુળાચાર તણો વ્યવહાર;
તારક થઇ તારે મહારાણા નષ્ટાચાર થકી સંસાર,
શૌર્ય અને હીમંત યશપ્રૌઢાં, ઉપર પ્રમાણે ઇશ્વરી આપ,
અતિ અટંકી એ મહારાણા, જીવો યો જુગ પ્રૌઢ પ્રતાપ

આપની કળા કૌશલ્યતા. પ્રજાપર પ્રીતી, સ્વદેશોન્નિમાં ગુજરાત ન,કેળવણીના કામમાં કાળજી, શકતી ભકતીપર સંપુર્ણ સ્નેહ, અને અમારાપર આપની અતી ઉચ્ચ લાગણી વીગેરે ગુણોથા આકર્ષાઇ આ "અંબીકા સ્તવનનું પ્રથમ દર્શન " આપ શ્રીને સવિનય અર્પણ કરી ખુશી થઇએ છીએ. આશા છે કે આપને સ્વીકારી અમને ઉપકૃત કરશો.

લી. અમે છીએ.

આપ શ્રીના કૃપા કાંક્ષિ. શેવકો.

કર્તા.

શ્રી ગણુપતિની સ્તુતી.

(ગીતી)

ગણુપતિ ગૌરી નંદન, વંદન કરૂં હું યુગલ હસ્ત જોડી;
દે તું દયા નીધિ દીનને, કાર્યા રબે સહાય દુખ ફોડી.

સરસ્વતીની સ્તુતી.

દોહરો.

કંજ નેત્રી જીવ્હાએ, વાસ કરો મંમાય;
માતાં ગુણ નવ લાઉં હું, આસ સફળ સૌ થાય.

श्री अंबिका स्तवन.

श्री.

ॐ नमःअंबिकायै देव्युवाच.

नमो देव्यै महादेव्यै, शिवायै सततं नमः ॥
नमः प्रकृत्यै भद्रायै, नियताःप्रणता स्मताम् ॥ १ ॥

(વસંત તિલકા.)

દેવી દયાળ માતું દયા ધરામાં,
વ્યાપી અગોચર પહાડપડે ઝરામાં;
આકાશ લોક ક્ષિતિ પરમ સ્થિતિ ધરીને,
વ્યાધી વિકાર વરદેણિ કૃપા કરીને— ૧
તારા વિના સરવ સૃષ્ટિજ સુન્યકાર,
તુંને બધા જગતના જીવ એક તાર;
હે નીર્વિકારિ પરિચ્છિન્ન અને અકામ,
આત્માત્રિધાસ્થીત તમો પ્રતિ છે પ્રણામ. ૨

(ગિતી)

વાણીશ્વરિ વિમળાંગી, હે શીવઅંગી સદા સુખો ભરજે;
કરૂણા વૃષ્ટિ થકીરે, દુઃખ હણીને ધૈર્યહૃદે ધરજે. ૧
અનુભવકર્તા અંબા, બાળ પ્રતીતું રશાળ ધરિ રસના;
આપદવસ્થા વખતે, સાક્ષીભુત થઇ ભોગ ભરો જશના—૨

પરમેશ્વરી પદપ્રીતી, એજ નીતી, ને રીતીજ નિરમાણીઃ
ભગવતી રતી સતી સ્યામા, અંબેશ્વર જગમાં જોગવતી જાણીઉ
તો ત્રિપુરારી તારા, ધારા સારા ધરી મને મામ
હાર્દ સમજી હરજનનું. કૃપા કરો હું કરછું પ્રણામ; ૪

(ભુજંગી.)

અભેદી અહો અંબિકા તું અજીત,
વળી સર્વજ્ઞાતા, અવિજ્ઞાત મીત;
અકામી તપસ્વી દયાળુ અપ્રાપ્ય,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય. ૧
કૃપાળી દયાળી મયાળી સુખાળી,
રિપૂદાનવારી બલિ ભદ્રકાળિ;
જપું જુગતે શૈલ્ય કૌમારિ જાપ્ય,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય. ૨
રહ્યાં સુક્ષ્મરૂપે તથાપી તૃણાગ્રે,
ગિરી શીખરે સાગરે વાસ ભાસે;
મમાયા મહાકાળિ તું મોક્ષ આપ્ય,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય. ૩
હદેવાસિની ત્રાસિની આસુરોને,
ભજુ ભાવથી ઓ ભવાની તમોને;
અહો મુંડની ચોળિણી ધારિ ચાપ,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય; ૪
મહેશ તુ જ્યોતિમંથી જોગમાયા,

ગણ્યા મૂખ ગૂણો તમારા ગવાયા;
મુમૂક્ષો તણા મન મહાદેવિ માપ્ય,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય; ૫
વિધી વિશ્વના સૃષ્ટિનાં સુખદાતા,
પદો શોધવા પુર્વ પૂરાણ મ્હાતા;
જપું જાપ તારો છબી એવી છાપ્ય;
મહા તાપ સંતાપ તું માત કાપ્ય; ૬
યુગે યૂગ જન્મી કિધાં કામ કોટી,
ચિતે ચાહના મા મને તારી મોટી;
સરોજા હ્રદે સ્થાન તું તારૂં થાપ્ય,
મહા તાપ સંતાપ તું માત કાપ્ય; ૭
કરૂં વીનતી વીશ્વની ઓ વિધાતા,
સ્તવું અષ્ટકે એ રીતે પ્રેમ પાતા;
કહે મૂલજી મોક્ષ દે દ્વેષ દાબ્ય;
મહા તાપ સંતાપ તું માત કાપ્ય; ૮

(ઝુલણા)

અંબિકા આપને, કષ્ટ મુજ આપને,
રોષ તું તાપને પાય લાગું
મ્હેર કર માવડી, વાર શી આવડી,
આપને બાવડી ઝટ જાગું. અં. ૧
દીન હું દીન વીલીન છું વીધવે,
દાસિએ દાસના દાસ દેજે;

પાર ઉતાર સંસારના ભારથી,
પાસના પંડીતો પાંચ પેખે. અં. ૨
પાપી હું છું પુરો દુષ્ટનો કરિ ચુરો,
ચેતવો ચંચળા ચિત ચાહુ;
કામના કામને કાપ્ય તું કાળીકા,
રોકતો રંકને રેહ રાહુ. અં. ૩
અધમ ઉધારિણી તાપ સેતારિણી,
સારિણી સીદ્ધિને સૂખદાતા,
ત્રીપુરસેરી તને માનશે જેમને,
તેહને તું વને વાસ્ય શાતા. અં. ૪
દૈત્ય તેં મારિઆ ભક્તને પાળિઆ,
બાળિઆ દક્ષના દક્ષ ડેરા;
ભાવ તુજ શેવતાં તોડી અહમેવ સાં,
જાય સૌ જન્મને મર્ણ ફેરા. અં. ૫
આધ અલબેલડી જ્ઞાનમાં ઘેલડી,
છેલડી તું શીરે છત્ર છાયા.
લળિ લળિને નમું, આચરે જૈ રમું,
જાગતી જગતમાં જોગ માયા; અં. ૬
દેવિ આરાસુરી પીઠ પક્ષે પુરી,
તું અધુરી નહી એક વાતે;
રોળિયા ચુંડ નેમુંડ ચકચૂર તેં,
ક્રૂર તેં કાપિઆ ઘોર ઘા તેં અં. ૭
શું સ્તવવું ટુકથી છેક સંક્ષેપથી,

પાય લાગું હરે પાપ મારાં;
સુળજી સૂખથી મોકલ્યા દુઃખથી.
સૂખથી ગાય આ ગીત સારાં અં ૮

(પદ)

સેવકને થાઓ સારારે, આરાસુરવાળી;
ગરૂડાસની તમને ગાયરે, બહુચરબાળી;
ગરૂડાસની તમને ગાએ,
બ્રહ્માજી પડતા પાએ:
જાએ દર્શન ખાંતે ખાસ, આણી અંતરમાં વીશ્વાસ
ત્રે આવે દોડયા દાસ, બેસે કરજોડીને પાસ;
પછી પરસાદી ખાયરે આરાસુરવાળી ગરૂ૦ ૧
તારૂં જગમાં જાહેર જોરરે, આરાસુરવાળી;
દુષ્ટોને દળવા દોરરે, બહુચર બાળી;
દુષ્ટોને તું દળનારી,
બ્રહ્મચારિ તું સતી ભારી;
ધારી હાલે ખિંગી ધીર, પીધ્યાં પાપી કેરાં શીર;
નારી થઇને લીધું નીર, એવી અંબે માતું વીર;
ચતુરભુજા તુને ચાહરે, આરાસુરવાળી; ગરૂ૦ ૨
જાઉં તારી ઉપર વારીરે, આરાસુરવાળી;
બળવંતીની બલીહારીરે, બહુચરબાળી;
બલિહારી બળની દાતા,
મહાદેવી હર સુખ શાતા,

માતા તેની તું દયાળ, કરજો આપ્યા સેવક પાળ;
એવી ઉદેશાને શણ્ય, સ્ત્રી સંભીને સંભાળ;
ઉતો ભાવસિઓ નાવાયરે, આરાસુર વાળી. ગરૂ૦ ક
કરણા કર કાસંભાયરે, આરાસુર વાળી;
કૃષ્ણા કાત્યાયનિ કહેવાયરે, અબુચર બાળી;
કૃષ્ણા કાત્યા યનિ વારૂ,
નામ નવેખંડ ચારૂ;
ધારૂ છે ચૌદે બ્રહ્માંડ, અતળ વીતળના અંડ;
રસાતળે બીજા ઝંડ, લો તું વશી છું અખંડ;
મુળજી મન હરખ ન માયરે, આરાસુર વાળી. ગરૂ૦ ૪

(ગાજે ગગન ગરરરર—એ રાહ

આજે અંબા આનંદ કંદ, અંબા આનંદ કંદ, નયને નિહાળી નેહ ધારિએ.
રળે ભુવો દધીના ફંદ, ભવો દધીનાં ફંદ, કિલમીષ સર્વે સંહારિએ.
રે સંહારિએ—સાર્થ સારિએ. આજે૦ ૧

સાખી.

મહિષમાર મા કાલિકા, મહાલક્ષ્મી મંગળાય;
કલ્યાણી કમલાક્ષણી, જપે પાપીસો સંકટ જાયરે.
જનની નામ નિરંજન નાહાલિરે.
મન વંછિત સકળ સુખ થાયરે—જનની નામ૦
અનંત પ્રભા આ વિશ્વમાં, શુલભ છુ ઉપરોકત;
આરાધે સુર સુરો, એવી દેવીરે, અર્બુદા અંતરયામી છે રે.
માતાજી મ્હેર તો ધરે—નિરાશ મન જો કરે.

સાચો ધરિને પ્યાર (૨) નિત્ય જોયો રાચો રંગ સગથી;
રંગ સગથી નિષ્પાપથી આજે અંબા૦ ૩

(પદ.)

સર્વે સેવકને સુખ, અંબા આપોરે;
દાળીદર ને ભય દુખ, સંકટ કાપોરે. ૧
સમૃદ્ધિને સંતાન, અંબા આપોરે;
દિન જનને દઇને દાન, સંકટ કાપોરે. ૨
ઇજતને લીલા લ્હેર, અંબા આપોરે;
આ જન્મ મરણનો ફેર, સંકટ કાપોરે. ૩
બુદ્ધિનો ભારિ ભડાવ, અંબા આપોરે;
હરિ દ્વેષ બુદ્ધિનો દાવ, સંકટ કાપોરે. ૪
સૌ સ્નેહિ સગાંમાં સંપ, અંબા આપોરે;
કળજુગનો કાળો કંપ, સંકટ કાપોરે. ૫
દેશીની દિલમાં દાઝ, અંબા આપોરે;
દૈ લક્ષ્મશાની લાજ, સંકટ કાપોરે. ૬
આ વિશ્વ વિષે વિશ્વાસ, અંબા આપોરે;
મુળજીને મન એ આશ, સંકટ કાપોરે. ૭

(રાગ. યથા રૂચિ)

અંબિકા તમ ચર્ણ મુજ ચિત્ત—ચંડિકા તમ ચર્ણ મુજ ચિત્ત;
તમ પદ રટું નિત્ય—અંબિકા૦ ૧ ચોટયું
મદ મધપુડે માણ્યું મંદ બુદ્ધિથી, વળગ્યો પારી હું અણ્ડત;

જોયું નથી ક્ષય—ક્ષય—ક્ષય—ક્ષયરે—અંબિકા૦ ૨
સાર અસારની ખબર પડી હવે, સમજ્યો હું કાળની રીત;
પળમાં છે લય-લય-લય-લયરે—અંબિકા૦ ૩
રાત દીવસ મુખ રટન કરૂં હું હું, પરમેશ્વરી ધરી પ્રીત;
ભાગો ભીતિ ભય-ભય-ભય-ભયરે—અંબિકા૦ ૪
ભાડીપ મંદિનીરે મ્હેર કરો માજી, ચાહી આ બાળનું હીત;
કરોજી ઉદય-દય-દય-દયરે—અંબિકા૦ ૫
કાત્યાયની કર કૃપા કોટેશ્વરી, કિંકર છું ચિત્ર વિચિત્ર;
માઇ એમે પય-પય-પય-પયરે—અંબિકા૦ ૬
સુલજી કહે મા ચિત્ત ધુજ અરજી, શક્તિ વિનાશનું ભીત;
આરંભોમા જય-જય-જય-જયરે—અંબિકા૦ ૭

(ધનાશ્રી)

અંતનકો, અભીરામ, આરાસુરી, અંતનકો અભિરામ;
બીસવાસુકો બીસરામ—આરાસુરી૦
રટના હરનીશ નામ, આરાસુરી૦ એ ટેક.
પાસ પ્રસુ લડકે લલના સબ, અંતે કછું નાવે કામ. આરા૦ ૧
આપ હિમેલ મેનાકી રાખડી, નીરમલ જીસકા નામ. આરા૦ ૨
બેદ વેંશાસ્ત્ર પરાંગત હો કે, પીવે પ્રીતી રસ જામ. આરા૦ ૩
કુચ્યા કલેવરમાં મશહુર કયા, ગાફલ થોરત ગામ. આરા૦ ૪
ભવબંધન કેડત એ અંબા, અંતર ગરજનું આમ. આરા૦ ૫
સુલજી કે'મા માનસેં તાનસેં, શિરવ ભારી હામ. આરા૦ ૬

(ગીતી.)

તું ભરપુર બ્રહ્માંણી, રૂદ્રાણી રહી વ્યાપી ચો જુગે;
એષ્ટ સરવ દેવોથી, અવિચળ શક્તી ગાજે કલિયુગે. ૧
મ્હેર કરો અંબાયા, માયા ભારી નડે નરો માથે;
અંબા અધીકેશ્વરિ તું, હામ દુષ્ટને ઉગાર લઇ હાથે. ૨

(ઝીલની દોડય રાગ)

જગ મૈયા (૨) અંબા જાણી,
ભજુ ભાવ થકી બ્રહ્માંણી. એ ટેક
તું ત્રણ ભુવનની ત્રાતા,
વીધી વીષ્ણુ તુજ ગુણ ગાતા;
તું દયા નીધી વર દાતા.
ગુણ તુજ ઘોર, શોર્યે અંકાર, જુલમી જોર-વીવેકી વાણી. જગ૦ ૧
તેં દુષ્ટ ઘણાને દળિયા
તુજ સેવક સ્વર્ગે પળિઆ
બાહુ બહુ તારા બળિયા
ગુણ આગાઉ, ઓશીંકળચાઉ, નેકમાંતાઉ—નિતીને નાણી—જગ૦ ૨
તુજ મુખ દેખી દુઃખ ત્રાસે
રૂપ સુંદીર મંદીર ભાસે
છે વાઘ સ્વારિપણ પાસે
પ્રેમસ્વરૂપ, ચિતરે ચુપ, ધ્યાનનો કુપ— પવનને પાણી—જગ૦ ૩
સચરાચરમાં તું વ્યાપી
અનબળ દોલત તેં આપી .

મુળજી કે' મા મન માપી
મોક્ષ તું આપ, આધીને કાપ, ટાળી ત્રિતાપ-દયા મન આણી-જગ० ४

ગરબી.

આવો અંબે આરાસરી, કોટી કરિએજી રે.
ભદ્રકાળી આસાપૂરી, ધ્યાને ધરિએજી રે.
કમળ સમી મુખ કાન્તી છે, ભ્રાન્તી જોતાં જાય
ત્રણે જગતના તાપ તે, પાપડી માંહિ પલાય
ત્રિપુર સુંદરી ત્રીપદા, જપે જાપ જન જેકો સદા-જપેજપમ નૂરી-કોટી० १
હાથ પાદને પીંડીઓ, ગોરીલાલ ગુલાલ.
નાસીકા નમણી ભલી, સુશોભીત સુભ ભાલ.
અભયદા અસિધારિણી, શૈલ પુત્રી સિદ્ધિ સારિણી-ગાઉ જ્યા ઝુરી-કોટી०
નૈતમ નખ ચખ આંગળી, કુંન્દનગી કંઇ ઠીક;
કેશ કરણુ નાભી ભલી કંઠ સુકોમળ પીક;
ગિરજા ગંગા ગરૂડે શ્વરી, દુર્ગાપારા ત્રિપુરેશ્વરી-પાપપર ક્ષુરી કોટી० ३
ઉપર પ્રમાણે અંતરે, ધરિએ ધીરે ધ્યાન;
તો કંપિલા કરશે કૃપા, 'મુળજી' મુકી અભિમાન;
વિંદ્યવાસિની તુલજામાત, દેશ વિદેશે દશ દીશ ખ્યાત-શક્તિ તું સ્ફુરી-કોટી०४

ગરબો.

નવ રાત્રી દીન રૂડા રાજ તારે લોલ, વિશ્વમાં વિખ્યાત અંબેમાત;
ભલી ભાતથી રે લોલ—ગરબો રમવાને ઉતર્યાં ગોખથી રે, લોલ—ટેક० १
કાળી ચંડી ત્રિપુરેશ્વરી રે લોલ, બહુચર ખોડીઆર ચામુંડાય;

ત્રિવેણી વૂળજા રે લોલ—ગરબો રમવાને ઉતર્યાં ગોખથી રે લોલ—૨

ભૈરવી ભવાની હર સિદ્ધ છે રે લોલ, ફુલ બદ્રકાળી તોતળાય;
ત્રીપુરેશ્વરીરે લોલ—ગરબો૦ ૩

ધુમ્રચાપિની અટ્ટહાસ્યનીરે લોલ કાશ વાસિના કોચંબાય;
ઝગમગ જ્યોતિની રે લોલ—ગરબો૦ ૪

સિધ્ધેશ્વરી ભુવનેશ્વરી રે લોલ, સુખદાયક સિંધવાઇ;
બીજ બાસીની રે લોલ—ગરબો૦ ૫

કૃષ્ણા કલ્યાણી કુમારિકા રે લોલ, તૃષ્ણા હારિણી ત્રુકાઇ;
માતુ સારદા રે લોલ—ગરબો૦ ૬

સૌખ્ય સુતા પદ્મ લોચના રે લોલ—સરખી સાહેલી સહીત;
ગાવા ગીતને રે લોલ—ગરબો૦ ૭

ઝાંઝર કલ્લાંને કાંબીયા રે લોલ, નેપુર ને વીછુવાય;
ઘણુણુ (ઘુઘરી) થાય છે રે લોલ—ગરબો૦ ૮

કસ્તુરી તામ્બુલ મુખમાં રે લોલ, હોઠ સુરજનાં કીર્ણુ;
ભાલે ટીલડી રે લોલ—ગરબો૦ ૯

બાંહે બાજુ બંધ બેરખાં રે લોલ, કનકચુડી કરમાંહ્ય;
મહીં મોતી છે રે લોલ—ગરબો૦ ૧૦

કંઠે કંદોરે ઘણી ઘુઘરી રે લોલ, કંઠે એકાવળ હાર;
પહોંચ્યો નાભીએ રે લોલ—ગરબો૦ ૧૧

હડપચીએ હીરા જડયા અતી લોલ, નેત્રે કાજળની કોર;
મૃત સંજીવની રે લોલ—ગરબો૦ ૧૨

નાકે વેસર કાને કુંડલાં રે લોલ, વીંદણ મુકુટમણી આપ;
સજ્યો શીર પે રે લોલ—ગરબો૦ ૧૩

કસબી અંબર માએ ઓઢીઆરે લોલ, ચુંદડી કારમી રૂપ;
મોટે મોંઘાએ રે લોલ—ગરબો૦ ૧૪
ચંણુ ભરેલા ભલા ચરણીઆ રે લોલ, ચોખી નમુનાદાર;
ફારો ફુમતાં રે લોલ—ગરબો૦ ૧૫
અલંકાર આ ઓપાવીઆ રે લોલ; કેતાં કહ્યું ના જાય;
નથી સુખથા રે લોલ—ગરબો૦ ૧૬
ટોળે વળીને બે છ ગાળીઓ રે લોલ, બોલે કોયલ શા બોલ;
બાળા ઓ ઝુમે રે લોલ—ગરબો૦ ૧૭
પનોતી દેખી પુર્ણીમા રે લોલ, ચંદ્ર ચઢયો આકાશ;
ખીલી ચાંદની રે લોલ—ગરબો૦ ૧૮
પાએ ઠગકતી પ્રેમદા રે લોલ. ગોરી ગની ગુલતન;
ઘેલી ગાયને રે લોલ—ગરબો૦ ૧૯
જોગ માયાની જુગતી રે લોલ, જોવા મળ્યા જક્ષબાપ;
સુર દેવતા રે લોલ—ગરબો૦ ૨૦
સ્થીર ઉડગણને રાશીઓ રે લોલ, સ્થીર છે સર્વ સમાજ;
લાજ લક્ષ્મીની રે લોલ—ગરબો૦ ૨૧
પુષ્પે વધાવે પ્રેમદા રે લોલ, ગુલાબે ગોલોક નાથ
સાથ સોબતો રે લોલ—ગરબો૦ ૨૨
ઉઠયા ત્રીકમવર મેઘજી રે લોલ, કીધા ઝરમર છંટકાવ
હાવ ભાવથી રે લોલ—ગરબો૦ ૨૩
નવરાત્રીના દીન વીતતાંરે લોલ, સરવે મળીને સંગાત;
જાય સ્થાન કે રે લોલ— ગરબો૦ ૨૪
શીખે શીખાડે ને સાંભળેરે લોલ, ગાએ ગવાડે આ ગીત;

પ્રીત ધારીને રે લોલ—   ગરબો૦ ૨૫
આશાપૂરે અવીનાશીની રે લોલ, ત્રીવીધી તાપ ટળાય;
મુળજી ગાય છે રે લોલ—   ગરબો૦ ૨૬

(કાફી).

આરાસુરી અંબેરે, આશરો છે એક તારો;
પ્રણમું હું પ્રેમેરે, આધીમાંથી ઉગારો. એ ટેક
જુગાની તું આધ વીચારીને, તું મુળનું મંડાણ,
તુંથી આ ત્રીભુવન નીપજ્યું, તું જ્યોતીમય ખાણ.
તું ત્રીલોકી ત્રાતારે, ગાતા મોહ રીપુ મારો—   આરાસુરી૦ ૧
કૈલાપીનું મુળ બીજ તું, તું મુળ ચંદ્ર પ્રકાશ;
આકાશે મુળ બીજ તું, તું દું ઘડી પળ વાસ;
વાસો તારો વીધીરે, નીધી વીપે છે ન્યારો—   આરાસુરી૦ ૨
રક્ષક ભક્ષક આપ છો, તક્ષક તે તમ રૂપ;
લક્ષ પક્ષ સમક્ષ રહે, અવની મધ્ય અનુપ;
તુપાકારી નારીરે, ભારી રચીઓ તેં ભારો—   આરાસુરી૦ ૩
જાગૃત તુરિઆને વળી, સુ સુપ્તીમાં સાર;
તું સંવત્સર વરસને, તું તીથી પળવાર;
માસ તું મોરારીરે વાસ તારા વણુખારો—   આરાસુરી૦ ૪
બારાખડી તું તોતળા, તું શાકંભારી સીદ્ધ;
તું વીજયા જય વારૂણી, તું અચળા નવ નીદ્ધ;
કીધ તે કલ્યાણીરે, કોપ અસુર પર કાળો—   આરાસુરી૦ ૫
તું વાયું તું તેજ તું, તું અજીવત અત્ર;

બીન્ય રૂપે ભુવનેશ્વરી, સાક્ષીવત સર્વત્ર;
કમત એ કરૂણાજી રે, સુળજી મતી કુડઠાજો—આરાસુરી.

લાવણી.

(રાગ શ્રી અજીતનાથ)

હવે જાગ અંબીકા જાગ્ય, કષ્ટ મુજ ભાગ્ય, ઉઠય અલબેલી,
રીઝીને રાખો રે'મ દાસની પહેલી—
કૃષ્ણા કાળી કિલકાય,
બહુચર બાળી બિરદાય;
વરૂણા નગની વરદાય.
સેવકને રહે નીત્ય સાથ, ઉપાધી જાય, ગોરી સૌ ગાય, બનીને ઘેલી
રીઝીને રાખો રે'મ દાસની પે'લી—૧
હું સ્તવું જોડી બે હાથ, ધારી અનાથ. સાથ લે શ્યામા;
ટાળી ઉપાધી તર્ત રક્ષ તું રામા.
નગપુત્રી નીર્મળ નામ,
નીતીવતને નીષ્કામ;
મુમુક્ષુ—મોક્ષનું ધામ,
જાણું પ્રીતિ જામ. ઉરાડી કામ, ઠરાવી ઠામ, ભાળ બે ભામા,
ટાળી ઉપાધી તર્ત રક્ષ તું રામા—૨
દુષ્ટોને ધોણી દંડ, ઓળખી અંડ, ખાંડ ખાંડેથી,
કુંવાડા કર ચહું દીશ માતુ મોંઢેથી.
સુણી કંપે સુર અસુર,
પાપીનું હુંટાએ નૂર;

સુરો છુટે જયગ તૂર.
જીત ચાહી બની ચક્રસુર, ઉલંઘી ઉર, ચઢે બહુ શુર, ટેક તોડેથી,
ફુંફવાડા કર ચહુદીશ માતું મોઢેથી—૩
શકતી સંહાર્યો ચુંડ, મારીઓ મુંડ, મહીષ પણ હાર્યો,
લક્ષ ક્ષોણી સેનાધીપતી સઘ સંહાર્યો.
લુંટયો નીશુંભ વશકામ,
તોડયા દૈતોના ભામ;
અવીચળ આપી તેં હામ.
મનથી કે' સુલજી આમ. કરો મુજ કામ, આપી અતી હામ,
વૈરી વિડાર્યો લક્ષ ક્ષોણી સેનાધીપતી સઘ સંહાર્યો.

તિથી દર્શન.

(ચંદ્રાવલા છંદ)

પડવે પરમેશ્વરીને પાગે, નેહે નામું શીશ;
અંમાયા તુજ માયા મોટી. તું ત્રીભુવન ઈશ.
તુ ત્રિભુવનની ઇશ છું અંબા,
ચાચરમાં તેડી લે રંભા;
જેથી ભવનાં ભટકણુ ભાગે—પડવે૦ નેહે૦ ૧
બીજે બહુચર બાળી તારી, રટના કરૂં હું રોજ;
જાણું વીનયથી વીધ વીધે, કરી અંતરમાં ખોજ.
અંતરમાં કરી ખોજ ખરેરે,
ધારણુ તેવે આવી ઘેરે;
વીધી જાણ તુજ ઉપરવારી—બીજે૦ રટના૦ ૨

ત્રીજે ત્રીલોકેશ્વરી ત્રાતા, ગાતા બ્રહ્મ મહેશ,
ઇંદ્ર રહે કરજોડી આગે, સહસ્ત્ર ફણીધરશેષ.

સહસ્ત્ર ફણીધર શેષજ જેવા,
બ્રહ્મા વીષ્ણુ વઇરાટ એવા;

છે વીજણો તુજ ઉપર વાતા, ત્રીજે ત્રીલોકેશ્વરી ત્રાતા. ગાતા૦
ચોથે ચતુરા તારા જોટો, જોતાં ન મળે જોડ,
ધારી ધારણા પૂરી પાડી, પૂરા કરતી કોડ.

પૂરા કરતી કોડ તું કોટી,
માતા મ્હેર તમારી મોટી;

એલ ખીજે સુણીનો ખોટો—ચોથે૦ જોતાં૦ ૪
પાંચમે પદમા વતિની પ્રીતી, નીતી સહીત નમાશું
જેથી ઉગરણુ હોય હળીને. પૂરણ પદને પામું

પૂરણ પદને પામું જગતાં
ખલકના ખોઠારામાં ખપતાં

ભોગવવી છુટું ભીડને ભીતી—પાંચમે૦ નીતી૦ ૫
છઠ્ઠે છળદળને છળનારી, નારી નિરમળ નામ
સેવકને અભરે ભરનારી, ટેક તું આપ તમામ

ટેક તું આપ તમામ હદેમાં,
સ્હેંકલ મુજને તુજની સ્હેમાં;

દૈત્ય અને દીગ પાળોને ડારી—છઠે૦ નારી૦
સાતમે સપ્તસ્વરા શીર કેશા, શાસને કવી રપણ
શાવાંગી અશીધારિણી, હારિણી, અરવર મુર્તી આપ

અરધર મુર્તી અષ્ટ અમાયા
કારણ મુર્તી કષ્ટ કપાયા;
આભની આપ અપાર ઉજ્જોશા–સાતમે૦ શ્રાસન૦ ૭

અષ્ટમે હે અર્બુદા હાવે દાખ્ય એક ઉપાય;
જેથી જન્મ મરણનાં સંકટ, સાત ઘડીમાં જાય.
સાત ઘડીમાં જાય કહાવે,
ફેર નહી અવનીતળ આવે,
આવે તો લાભ સવાગો લાવે–અષ્ટમે૦ દા૦ ૮

નોમ વિષે નરકારી સારી, તારી ત્રેવડ અર્થ;
અર્થ કરૂં ઉપાય બીજા હું સોથી તું સમર્થ.
સોથી તું સમર્થ સુહાગી
લગની મને તારાથી લાગી;
તો તારણી સે તું તારી–નોમ૦ તારી૦ ૯

દશમે દક્ષ પ્રજાપતી ચક્ષે, કોપી આપ કરાળ;
જાત્મ બની તું ચાહી ચીતાને, બળવત તજીઆં બાળ.
બળવત તજીઆં બાળ હજારો,
શીવ અંતરમાં પ્રગટી એકાળો;
સાંધો તાવ થયોજ રસઝે–દશમે૦ કોપી૦ ૧૦

એકાદશ રૂપે અંબીકા, પ્રગટી પ્રગટ પ્રમાણ;
ઇશ્વરી તેજ અલોકિક તારૂં, જગમાં સંધે જાણ.
જગમાં સંધે જાણુ જણાતું,
ભુપા રહા માહેશ્વરી ગાતું;
પ્રેમ ધણી તું પરનાબીકા–એકા૦ પ્રગ૦ ૧૧

બારશે બાળથી તેં બાળીકા, ટાળ્યા ત્રીવીધી તાપ:
એક અખંડા અચળા ઉપર, તું એકલી નિષ્પાપ.
તું એકલી નિષ્પાપ નિરંતર,
તાહરૂણી તું તેં જાઈ તદંતર;
પાવાગાણી માહકાળીકા—બારશે૦ ટા૦ ૧૨
તેરશે રસના વાસી વિલાશી, સેવક અશરણ શર્ણ:
ભક્ત વત્સલ ભડ ભોળી હારણી વીનયવંત તું વર્ણ.
વીનયવંત તું વર્ણું વખાણું,
અંતર ભક્તી આપથી આણું:
તારે ચરણે કોટીક કાશી—તેરશે૦ સેવ૦ ૧૩
ચૌદશે ચિત્ત ચહુંદીશ ભટકે, આપ વીના અનિશ્ચિત;
તોતળા ટેક તું રાખે તારંશે, નહીંતર જાય ખચીત.
નહીંતર જાય ખચીત ખશીને,
ડંપી જનો બે તાળી હશીને;
ચોળાય ચિત્ત વિમોગાન ચટકે—ચૌદ૦ આ૦ ૧૪
પુર્ણીમાએ પુરી થાય સ્તુતી પણ, અમાસ આટકે કેમ;
સહજ ભુલ અમને તું સજોડે, રાખજે કુશળ ક્ષેમ.
રાખજે કુશળ ક્ષેમ ખરેખર,
સગાં સહોદર દાખી દારિદર;
મુળજી કે છે દિધંમતી વણ—પુર્ણી૦ આ૦ ૧૫

(ગરબાં તું ઉભસાથ ભાકરા—એ રાહ)

૨૨ સ્મરણ અંબે માત તારૂં......સ્મરણ...

વિશ્વેશ્વરી...જગ વિખ્યાત, રંકને સાહ્ય કરો જગમાત.

ગબ્બરવાળી તું મહાકાળી,
દુઃખ દરિદ્રતા તું હરનારી;
પ્રેમે પુંજું તુંહિ પાય પખાળી.
(તેં) સુંડ મુડ ચાંચડવત ચોળ્યા,
દુષ્ટ દૈત્યો બહુ રજમાં રોળ્યા;
(વલ્લભ, ચદુ, વિમળ)
તાર્યા અનેક ભક્ત પ્રખ્યાત—રંકને૦ ૧

તું બ્રહ્માંણી તું રૂદ્રાણી,
(તને) જગત જનેતા જગમાં જાણી;
શ્રી વરદાયક ત્રિશુળા ધારી,
મુળજી મન આશા તમારી
(પારે તેડો, લાગ્યો નેડો, દુઃખ ફેડો)
તુંહિ માતુ પિતું મુજ ભ્રાત—રંકને૦ ૨

(આદ૦)

જય પાવાવાળી, જય મહાકાળી, વંદી નામું શીષ;
તુંહી બહુચર બાળી, દુર્ગા દયાળી, જય મહાકાળી—વંદી૦ ટેક.
અશરનશરની શરણુ આવ્યો, જાણી તુંને પ્રતિપાળ;
ભવ ભય ભંજની બીડય હરીને, ભક્તને પાળ દયાળરે;
મહિષ મહિષ વિડારી, શૈલ કુમારી, તું બિરદાળી—વંદી૦ જય૦ ૧
ભોળી ભવાની ભગવતિ મામા, મુજને તારી આશ;
ખડક તણી હે ખપ્પરધર, રેવતી રાજ્ય રાશ રે.

જય માતા વિધાતા, શેવક ત્રાતા, કર સુખ શાતા—વંદી૦ જય૦ ૨
સુખ દાતા સન્માર્ગે સુહાવણી, અધરે ઉચરૂં યાદ;
દીનમતી દરિઆવ બનીને, દીલે ધરો છો દાદરે;
હરિકૃષ્ણ જાપે, આપ પ્રતાપે, કષ્ટ તું કષ્ટ કાપે—વંદી૦ જય૦ ૩

જય—જય—જય—અંબાય,
પાપ વિડારક—ભવજળ તારક;
હારક દુઃખ દરિદ્ર સહાય—જય—જય૦ ૧
જે ત્રિશુલે મહિષાસુર માર્યો,
ચાંચડવત ભૂમીમાં ભાર્યો;
દુશ્મન સમુહને તેં સંહાર્યો,
સેવક સાથ ઘણો તેં તાર્યો;
કર હરિકૃષ્ણ વિપે ઝટ હાર્યો:
નમન કરૂં ભવજળ તરૂં—કલિ મિષ હરૂં,
ક્ષિતી—ભિતી—અનીતી—વારિ જગનાથ જય૦ ૨
નમું નમામી—જય નિષ્કામી,
ભટકાળી તું લક્ષ્મવતી જય,
તોતળા ટાળ્ય તું અંતરનો ભય;
શત્રુ કુળ તણો તું કર ક્ષય,
લોભ મોહનો તું કર ઝટ લય;
મુળજી શીર કિંખાડ સુવિનય,
ત્રિવીધી વાપો, લક્ષ ઉતાપો, એ સહુ કાપો;
સીદ્ધી—નીધી—રીદ્ધી—પડું દે પાય—જય૦ ૩

(નીરમળ દુશ્મન સબળ રાજપર-એ રાગ)

જય જય અંબા, જય જગદંબા, રમવા ચાચરમાં તેડો
દયા કરી દિન દાસ તણી મા, સંકટ સર્વેનાં ફેડો,
મહી મંડળ તમામ, તને જપે આઠે જામ,
બ્રહ્મા વિષ્ણુ સુલતાન, મુખે રાખે તારૂં નામ;
તોડી અસુરોનો મામ, કીધાં ભક્ત તણાં કામ.
પારે તેડો માજી મુજને, તમ દરશનનો છે નેડો. જય૦ ૧

આદી અનાદીની આઇ, સારી દુનિઆ નિપાઇ,
તને રૂગવેદે ગાઇ, મારકુંડે વખણાઈ;
કીર્તી કલ્યાણી કેવાઈ માતું સદા સુખદાઇ,
કાળી ભાળી રૂપરૂપાળી, તુજ લીલાનો નહિં છેડો જય૦ ૨

કિધો નારી તણો નર, આપ્યા અર્જુનને કર,
હર્યું અસુરનું બળ, વાણી વેરીને વીમળ;
આંતે ખપ્યા ઝાઝાખળ, શક્તિ શક્તિ તું પ્રબળ;
અનપૂર્ણા તું આબરૂ દેજે, હરિકૃષ્ણ તારી બેડો. જય૦ ૩

(દુમિલા છંદ)

ધરશે જન ધ્યાન સદા હરખે
હરશે દુખ અંબ સુખી કરશે
કરશે સુખ વંછિત સૌ ફળશે
ફળ સેજ મહા ઉમદા મળશે. ૧
મળશે દુપકાળ તણા વરસે
વરશેજ સવૈદજ વાદળશે

ફળ શેતુ સમું અરિનું ટળશે
ટળશે મુલજી દુખ અહરશે   ૨ મરશે

રાગ (ઓ પ્યારી તું ધીર ધારી)

ઓ અંબા હું ગુણ તારા ગઉં આજ,
તું બાળી બિર દાળિ કાળિ મતબાલી બાળક દુખ ભાંજ–ઓ. ૧
જય જય જગતો ધારન જનની જય જ્યોતિમય ખાણ,
સચરાચર વ્યાપક શિવાંગી. જય શુદ્ધ ગોષ્ટિ જાણ. ઓ. ૨
ઝાડ. પહાડ. પર્વત. નદી નાળા. ગામ શહેર બઝાર,
પશુ પ્રાણીને માનવી જંતુ રચ્યાં તેંજ કીરતાર. ઓ. ૩
તારી લીલા ઠામે ઠામે અદ્‌ભુત દીસે અપાર.
નારદ શારદ શેષ સવિતા નવ પામે કંઇ પાર, ઓ. ૪
મદુરામ પર મે'ર કરી વિચરી કીધ ધર પાવન.
વિમળ બુધી કીધી વીમળની મલીન મટાડી મન. ઓ. ૫
મહીષાસુર મદમર્દન કીધું. માર્યા મધુ– કૈટભ
રક્ત બીજ રગદોળ્યો રજમાં, ડોલાવ્યા ખગનભ. ઓ. ૬
શુંભ નિશુંભ નિકંદન કીધું બ્રુમ ધરણી ઢોળાય
ઓંમકાર ઓંદ્રી અભિરામા આવી નમે સુરપાય ઓ. ૭
રમણ રૂક્ષમણી મેળવીયાં–ધન્ય અકળિત કળાય
કાળીદાસ કોવિદ કીધ તેં. બિર્દ પાળી બીરદાય ઓ. ૮
ઠાર કઠોર થાય પ્રેમ સાંખીરે હુંય સદાય
મહાદેવી મસ્તક કર ધારો. નમે મુળજી પાય ઓ. ૯

રાહ (કાંઇ નથી સુખ શાશ્વત ધનમાં)

શરણુ પદ સાચું, અંબે માત, યાચું આનંદે હું દીનરાત.
છોડાવે જન્મ મરણુ આ ઘાત શરણુ પદ—૧
શક્તિ વિણુ શુન્ય સૌ સંસાર
દીવાકર છતે ભાસે અંધકાર
શક્તિએ સર્વ તત્વનો સાર
વાધી વ્યાધી હરતા હાર
અંબે અંતનો આધાર શ્રી જ્યોતિ પ્રખ્યાત- સરણુ પદ ૨

રાહ—(બોલો તમે લાલા બોલો)

આવો તમે બાળા, ગાઓ ગીતો સારા,
આવો રીઝાવીએ અરબુદા અંબા —૧
હેતેથી, પ્રીતેથી, એકાગ્ર, ચીતેથી
નીત્યે નીત્યે ધરી ધ્યાન આવો તમે—૨
સંસાર સાર્થક કરવા લ્હાવ.
દેહ તણાં દુઃખ દળવા જો લ્હાવ.
દૈવત સુખ. સંગરવા જો લ્હાવ
દુષ્મન શું જંગ જરવા જો ચાવ
વાચો શૈલબાળા—જાચો શૈલબાળા આવો તમે-૩

(થયા છોરે પતિ) એ રાહ—

જપુંછુંરે જય જય જય દેવી. જય જય ત્રીપુરારિ
સત્તા છે જેની બહુ મહીએ. જયકર શ્રીજગદંબ

બીરદાળી સુરપાળી દૈત્યારિ.
શ્વેતાચળ ગઢવાળી બાળી ભવબાળી કાળી જયપુંછુંરે.—૧
મહમર્દન કીધું મહીષાસુર, ધુમ્ર શુંભ નિશુંભ.
વિડાર્યા—સંહાર્યા—ભૂભાર્યા.
સુરમુનીવરનાં કષ્ટો કાપી. દેવ પ્રતિપાળી જયપુંછુંરે.—૨
વિમળ બુદ્ધિ વિમળ કીધી. વલ્લભ પદ દુર્લભ.
બલીહારી, અતિ તારી. ગતિ ન્યારી.
મંદ મેરીનો મેલ કીધો. વર્ણીક કાકા તારી. જયપુંછુંરે.—૩
ચોરા નથી તુજ વિણુ કે. મુજને. ઠરવાને કંઇ ઠામ.
દુઃખમેલા. સુખહેલી. કર વ્હેલી.
લય. પ્રલય. ભય. જય. તું કર્તા. મુજ જાઉં વારી જયપુંછુંરે.—૪

રાગ. (નથી જગતમાં સાથ સંબંધી)
આ અવનિમાં અવિચળ શક્તિ અંબાની સાક્ષાત.
જેને દૈવતે દાનવ સર્વે ગાયે છે દીનરાત—આ અવની, ૧
પ્રાણ વિનાની જેમ દેહડી નીમક વીનાનું અંન;
નાર વિના જેમ ઘરસુન દીસે જેમ પુત્ર વીનાનું ધંન.
ખરેખર શક્તિ વીનાનું સુન્ય,
જગતમાં જોગી જતીને મુન્ય;
ભજે સૌ અંબિકા વિખ્યાત ખરે એ જગત જનુની માત—૨
જેની શક્તિથી થયો આ સઘળો સંસાર,
પાળી લીધો આટલો તે જનુનિ ન વીસાર;
ભજે સૌ અંબિકા વિખ્યાત ખરે એ. ૩

શ્રી.

શક્તી સ્વરૂપની આરતી.

જય શક્તિ દેવી. મા જય શક્તિ દેવી
સુરિવર મુનિવર સરવે (૨) રહે પાદ સેવી. જય શક્તિ દેવી–ટે
નુપુરરવ મુખરીકૃત, ગર્વિત હંસરણે (૨)
અચ્યુત વિરંચિ ચૂડા (૨) મણિ મર્ચીત ચરણે. જય. ૧
કનકાભિણુ કંદોરો, શોભિત કટિ તટકે (૨)
ત્રિભુવન ચિત્ર ચરિત્રે (૨) વિર ચિત દિક પટકે જય. ૨
કિરતીવંત કૃપાળુ, વરદત ચામુંડે (૨)
ત્રિશુળ દંડિત છેદિત (૨) મહિષાસુર મુંડે. જય. ૩
કટિ નાભીને કોટરા, જગ વંદિત છતે (૨)
અહિરા મોદીત નયને (૨) ગાયન બહુ ગીતે. જય. ૪
તંબોળે તદ રૂપ, અધરો બહુ ઓપે (૨)
વેસર નાકે વળતી (૨) ભક્તીયે મન લોભે, જય. ૫
ભર્તો ધનુષ્યાકાર, કીકી રઢીઆળી (૨)
હા દર્શન દુખ હર્તા (૨) દે બહુચર બાળી. જય. ૬
કપૂર કેસર ચંદન, ચરચિત શુભ ભાલે (૨)
કલ્પીત કપાલ માલા, (૨) લંકૃત ગલનાલે. જય. ૭
શંકર સહિત તું શક્તી, ઘટિપળ સ્મર્ણા તે. (૨)
જીવન મુક્ત તે જીવો, વરજીત ભવ ભીતે. જય. ૮
આપી દીને મયિ માતર, નિજ સુલજી દાસે (૨)
કુરુ કરુણામય લોચન (૨) ભક્તીજનો હ્લાસે જય. ૯

(રાગ ભૈરવીની ઠુમરી)

લવપ તલપ તલસુ હું ઝંખાપે, જય અંબે મા જે. જે. જે.
લાગી ઘટમા નીશદીન રટના.
ટીકી ટીકી ઘરૂં ધ્યાન જરે, ॥ જય અંબે. ॥ ૧

દોહા

હરદમ ધ્યાન ધરૂ તુહી, તુહી તુહી અંબાય,
રીઝી પાળો બાળને, આંકાળી મંમાય;
કીનમીપ કીકર કે ફુંકી નાખો,
શરના આયો અણાગતને, ॥ જય અંબે ॥ ૨
નગ દુહીતા નાગેશ્વરી નીર્મળ નેહુ ત્યાગજે,
દાનેશ્વરી ભુવનેશ્વરી ખાળીક કુગુહી ટાળજે;
સચર અચળ જય અર્બુદા અંબા, નીસદીન દર્શન દે દે દે
॥ જય અંબે ॥ ૩

જોગી જોગન બનાકે એ રાહ.

અંબે સેવે. પડું પેયે. જ્ઞાની હૈયે ધરીરે.
બાળી બીરદ પાળી બેચરા. અંબે; ૧
તારી લીલા અપારી. વિધિ વીશ્નુ નમે હારી.
મુળ શક્તિ સ્તવે ઝ કુન્ટો સેન્ને હરીરે—બાળી બિરદ ૨
ભવ બંધન સઘળો છીટ જાવે. ફેરો જન્મ મરણનો નાવે;
હરિકૃષ્ણ ગાવે ગુણો તારા. હૃદે ધરીને. બાળી. ૩

રાહ (વ્હેલા ઉઘાડોની દ્વાર)

મુને દર્શનની અભિલાષ, અંબા તારા દર્શનની છે,
પલ પલ ધરૂ તારી આશ, અંબા તારા દર્શનની છે;
ધરો ઉગરે વિનંતી દાસ, અંબા તારા દર્શનની છે,
ભમણા ભાજન ભૈરવી, ભુવરી ભદ્રાનામ;
શ્રીવર દાર્ઈ સારદા, વિશ્વાત્મિકા વૈતાળાવામ,——અંબા–૧
દસ મુખાળી હરાધરા, શાકિની શિતળાય,
હારક દુખ દરીદ્રતા, બંદ્રા તુમારા તુ નો તગાય, અંબા–૨
કાલાવિની કાળીકા, ચતોકરી વિકાળ;
કાળી ખાળી ખેચરા, શૈલ દુહિતા દક્ષ દયાળ, અંબા–૩
અન બહુ જુદા નામથી, વદતા એમ અપાર,
જેને જે ગોઠ્યું ખરૂં દીલે દાખતા તે ઉચ્ચાર; અંબા–૪
વહાણ બચાવ્યું બંધુનું, બાર સમુદ્રની માંહ્ય,
વિમળ યદુ વલ્લભની, કુબુદ્ધિ કાપી મંમાય; અંબા–૫
પુંજ ગુણ મહિમા વાચતાં, પામે ન સરસ્વતીપાર,
નારદ શેષ સુરા સુરો, શકે નહી શોધી સાર લગાર; અંબા–૬
અંતર ધર અવિનાશિની, ભક્તાજીજી આધાર,
દર્શન દો દીન દાસને, તાપ ત્રીવીધી દુર ટળાય; અંબા–૭

દોહરા.

શ્રી શક્તિની સહાયથી, કર્યું અંબિકા સ્તવન;
હામ દીધો દેવી હરી લખવા હીત દર્શન.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧	स्वतन	स्तवन.
૧	૯	भद्रायै	भद्रायै.
૧	૧૭	માતું દયા	માતું ઘર દ
૭	૨૦	તમ પદ ફૂલ નિત્ય ચોટયું	ચોરીકું તમ પદ
૮	૮	આત્માની	કાવ્યાર્થનિ.
૧૦	૯	ધ્યાનનો	ધ્યાનો.
૧૦	૪	આરાસરી	આરાસુરી.
૧૦	૭	પાવડી	પા ઘડિ.
૧૦	૧૩	સુકોમળ પીઠ	સુકોમળા પિઠ
૧૧	૨૦	જડયા આની	જડના અનિ
૧૨	૩	મોખ્મ	મોળી
૧૪	૬	હાસનો	હાસ ને
૧૫	૧	કુરે	કુંરે.
૯	૨૩	અપ	અપ.
	૬	ચીત	ચઅતિ.
		કષ્ટનું કષ્ટ કાપે	કષ્ટનું કાપે.

બીજી ઉતાવળને લીધે રહી ગઇ હોય તે ભૂલ અગર તો અમને લખી જણાવશો તો સુધારો કરવામાં આવશે.

લી. સેવક.

કેશવલાલ લલ્લુભાઇ તલાટી.

ઠે—સાંકળી પીપળી.